# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, ભાવનગર

**ધોરણ : ૭** **વિજ્ઞાન** **કુલ ગુણ : ૮૦**

**તારીખ : ૧૦/૦૪/૨૦૧૯** **(દ્વિતીય સત્ર)** **સમય : ૯-૩૦ થી ૧૨-૩૦**

---

પ્રશ્ન – 1 નીચેના પ્રશ્નોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો. 16

**(1)** જારક શ્વસનમાં કયા વાયુંની જરૂર પડે છે?


(A) $O_2$ (B) $CO_2$ (C) $O_3$ (D) આપેલ તમામ

**(2)** તમે શ્વાસમાં ............વાયુ લો છો અને ઉચ્છવાસમાં.......વાયુ બહાર કાઢો છો

(A) $O_2, CO_2$ (B) $CO_2, O_2$

(C) $O_3, CO_2$ (D) $CO, O_3$

**(3)** આપેલ આકૃતિમાં નિશાની કરેલો ભાગ શું દર્શાવે છે?



(A) ધમની (B) શિરા (C) હૃદય (D) ફેફસાં

**(4)** તમે શવાસનની સ્થિતિમાં છોત્યારે તમારો નાડી દર કેટલો હશે ??

(A) 72 થી 80 (B) 60 થી 65 (C) 75 થી 85 (D) 80 થી 85

**(5)** વનસ્પતિનું પ્રજનન અંગ ક્યુ છે.

(A) પ્રકાંડ (B) પર્ણ




(C) મૂળ (D) પુષ્પ

**(6)** મીટર માટેની સંજ્ઞા કઇ છે?


(A) m (B) km

(C) M (D) m/s

**(7)** વિદ્યુતકોષ માટે કઇ સંજ્ઞા વપરાય છે?

(A)  B)  (C)  (D) 

(8) નીચેની આકૃતિ પરથી સાચો વિકલ્પ પસંદ કરો.




(A) (a) અને (b) બંનેમાં દેખાય (B) (a) અને (b) બંનેમાં ન દેખાય
(C) (a) માં દેખાય અને (b) માં ન દેખાય (D) (a) માં ન દેખાયઅને (b) માં દેખાય

(9) નીચેનામાંથી બર્હિગોળ લેન્સ શામાં વપરાય છે ?

(A) ટેલિસ્કોપ (B)કેમેરો (C)માઇક્રોસ્કોપ (D)આપેલ તમામ

(10) નીચે આપેલ પૈકી પાણીની અછત માટે શું જવાબદાર નથી ?

(A) ઔદ્યોગીકરણનો વિસ્તાર

(B) વસ્તી વધારો

(C) જળસ્રોતોનું અવ્યવસ્થાપન

(D) અતિવર્ષા

(11) નીચે આપેલમાથી ક્યુ વિધાન સાચુ નથી ?

(A) જંગલો જમીન ધોવાણની પ્રક્રિયાને અટકાવે છે.

(B) વનસ્પતિ અને પ્રાણીઓ જંગલ એકબીજા પર આધારિત નથી.

(C) જંગલો વાતવરણ અને જળચક્ર પર અસર કરે છે.

(D) જમીન જંગલોની વૃદ્ધિ અને પુન: સર્જન માટે મદદ કરે છે.

(12) અશુદ્ધ પાણીને શુદ્ધ કરવા માટે નીચેનામાંથી કયા રસાયણનો ઉપયોગ થાય છે ?

(A) ક્લોરિન (B) તેલ (C) કેરોસીન (D) આપેલ તમામ

(13) વંદામાં હવા .......... દ્વારા શરીરમાં પ્રવેશે છે .

(A) ઝાલર (B) ત્વચા (C)શ્વસનછિદ્રો (D)ફેફસાં

(14) પૃથ્વી પર મીઠા જળની માત્રા પ્રાપ્ય પાણીની કુલ માત્રાના કેટલા ટકા છે?

(A) 0.6 % (B) 0.006% (C) 0.06 % (D) 6.0 %

(15) તમારા ખેતરમાં તમે પાણીનો વ્યય ન થાય તે માટે કઇ સિંચાઇ પદ્ધતિનો ઉપયોગ કરશો?

(A) માટલાપદ્ધતિ (B) ફૂવારાપદ્ધતિ (C) ટપકપદ્ધતિ (D)ધોરીયા પદ્ધતિ

(16) ભૂગર્ભજળની પુનઃપૂર્તિ માટે તમે નીચેનામાંથી કઇ પ્રવૃત્તિ કરશો ?

(A) વાવ (B) વર્ષાજળ સંગ્રહ (C) A અને B બન્ને (D) A અને B પૈકી એકપણ નહીં

Scanned by CamScanner

પ્રશ્ન 2 [અ] એક બે વાક્યમાં જવાબ આપો. 06


1. ગ્લુકોઝ $\xrightarrow[\text{ઉપયોગથી}]{\text{ઓક્સિજનના}}$ ...............+............+........... પ્રક્રિયા પૂર્ણ કરો
2. રૂધિરના જુદા જુદા ઘટકોના નામ આપો.
3. પર્ણરંધ્રનાં કોઇપણ બે કાર્યો જણાવો
4. ફલન બાદ ફલિતાંડનો વિકાસ થઇ શામાં પરિણમે છે?
5. કયા પ્રકારનો લેન્સ હંમેશા આભાસી પ્રતિબિંબ જ આપી શકે છે ?
6. એવી એક પરિસ્થિતિ જણાવો જેમાં આભાસી પ્રતિબિંબ રચાતું હોય?

પ્રશ્ન- 2 [બ] નીચેના પ્રશ્નોના ત્રણ થી ચાર વાક્યમાં જવાબ લખો ( ગમે તે પાંચ ) 10

1. **ભૂમિય** જળસ્તરમાં ઘટાડો કરતાં પરિબળોનાં નામ લખો
2. તમે રોજબરોજના જીવનમાં વાપરતા હોય તેવી કોઇપણ પાંચ વનસ્પતિજ પેદાશોના નામ લખો.
3. જાહેરસ્થળોની સ્વચ્છતા કઇ રીતે જાળવવી જોઇએ?
4. ઘરના કચરાને ગટરમાં નાખતા પહેલા કઇ કઇ બાબતોનું ધ્યાન રાખવું જોઇએ?
5. A થી Z અંગ્રેજી મૂળાક્ષરોમાંથી કયા અને કેટલા મૂળાક્ષરો સમતલ અરીસામાંથી જોતા સમાન દેખાશે ?
6. સૂર્યપ્રકાશએ જુદા જુદા રંગોનું મિશ્રણ છે તે કઇ રીતે દર્શાવી શકાશે?
7. શ્વાસોચ્છવાસની પ્રક્રિયાનું મોડેલ બનાવવા તમે કઇ કઇ સામગ્રીનો ઉપયોગ કરશો?


પ્રશ્ન3 [અ] નીચેના પ્રશ્નોના પાંચથી સાત વાક્યમાં જવાબ લખો (ગમેતે ચાર ) 12

1. નીચેની આકૃતિમાં ચાર વિદ્યુત કોષોને લાકડાના બોર્ડ પર ગોઠવેલ છે તો ચાર વિદ્યુત કોષ ધરાવતી બેટરી બનાવવા તમે તાર વડે તેના ધ્રુવોને કેવી રીતે જોડશો તે દર્શાવતી રેખા દોરો. **(તમારી ઉત્તરવહીમાં આ આકૃતિ દોરી ધ્રુવોને જોડતી રેખા દોરો.)**



2. બટાટા નો નવો છોડ ઊગાડવા માટે તમે અલિંગી પ્રજનનની કઇ રીત અપનાવશો તે સમજાવો.
3. બે ગામ વચ્ચેનું અંતર 240 કિમી છે. બસને આ અંતર કાપવા માટે 4 કલાક લાગે છે. તો આ બસની ઝડપ શોધો.
4. નીચેની આકૃતિમાં દર્શાવેલા વિદ્યુતપરિપથમાં બલ્બ પ્રકાશિત થતો નથી. તમે આ સમસ્યાને ઓળખી શકો ખરા? બલ્બ પ્રકાશ આપે તે માટે વિદ્યુત પરિપથમાં જરૂરી ફેરફાર કરો.

Scanned by CamScanner



5. જો તમે બગીચાની રખેવાળી કરી રહ્યા છો. તો તમે ઓછા માં ઓછા પાણીનો ઉપયોગ સારી રીતે કરવા માટે કઇ રીતનો ઉપયોગ કરશો ?

પ્રશ્ન.૩ [બ] આકૃતિ દોરી નામનિર્દેશન કરો. 03

ઉત્સર્જન તંત્ર

## પ્રશ્ન. 4 માગ્યા મુજબ જવાબ આપો

[અ] 1. વર્ગીકરણ કરો.

[માર્ચ કરતા લશ્કરના જવાનો, ઘડીયાળના લોલકની ગતિ, હીંચકાની ગતિ, બંદૂકમાંથી નીકળેલી ગોળીની શરૂઆતની ગતિ, ભમરડાની ગતિ, પંખાના પાંખિયાની ગતિ.] 06

| સુરેખ ગતિ | વર્તુળાકાર ગતિ | આંદોલિત ગતિ |
|---|---|---|
| | | |

2. જોડકા જોડી. 04

| વિભાગ-અ | વિભાગ-બ |
|---|---|
| 1. કલિકા | a. સ્પાયરોગાયરા |
| 2. આંખ | b.યીસ્ટ |
| 3. અવખંડન | c.મ્યુકર ( બ્રેડ મોલ્ડ) |
| 4. બીજાણું | d.બટાટા |
| | e.ગુલાબ |

[બ] મુદ્દાસર જવાબ લખો ( ગમેતે બે ) 08

1. વિઘટકો શું છે ? કોઇપણ બે નાં નામ લખો જંગલોમા તેમનો શું ફાળો છે.સમજાવો.
2. સ્વચ્છતા અને રોગો વચ્ચે શું સંબંધ છે તે માટેના તમારા અનુભવો લખો
3. **જંગલોમાં** કંઇપણ નકામું નથીસમજાવો.

## પ્રશ્ન 5 [અ] માગ્યા મુજબ જવાબ આપો

1. કારણ આપો : જંગલો જમીનનું ધોવાણ અટકાવે છે. 03
2. કારણ આપો : ભારે પરિશ્રમ કરનારને વધું ખોરાક લેવાની જરૂર પડે છે. 03
3. તફાવત આપો : અંતર્ગોળ અરીસો અને બહિર્ગોળ અરીસો 02
4. તફાવત આપો : ધમની અને શિરા 02

[બ] આકૃતિ સહિત પ્રયોગ વર્ણવો . 05

લોખંડની ખીલીનું વિદ્યુત ચુંબક બનાવવું

અથવા

નિક્રોમના તારનો ઉપયોગ કરી વિદ્યુત પ્રવાહની ઉષ્મીય અસરનું નિરીક્ષણ કરવું

Scanned by CamScanner